મેઘરાજાની વારંવાર એન્ટ્રીથી ખેડૂતોના જીવ અધ્ધર

# વિસાવદરમાં કમોસમી વરસાદના ઝાપટાં

**ઘઉં,** ચણા અને તુવેરના પાકને ભારે નુકસાનની ભીતિ



સુરત : ગુજરાતમાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે ખેડૂતોની ચિંતામાં ધરખમ વધારો થયો છે. આજે રાત્રિના સમયે વિસાવદર શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મોડી રાત્રે અચાનક કમોસમી વરસાદ (માવઠું) શરૂ થયો છે. રાત્રે આકાશમાં કાળાડિબાંગ વાદળોની ગર્જના સાથે વરસાદી ઝાપટા પડવાના શરૂ થતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વિસાવદરમાં આજે સવારથી જ મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો હતો, પરંતુ બપોર બાદ વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. આખું બપોર વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ રાત્રિના સમયે પવન સાથે વરસાદી ઝાપટા શરૂ થયા હતા. વિસાવદર શહેર ઉપરાંત તાલુકાના છેવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમી ધારે વરસાદ ચાલુ હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે. ફેબ્રુઆરી મહિનામાં પડતા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેડૂતો માટે આ 'આફતનો વરસાદ' સાબિત થઈ રહ્યો છે. હાલ ખેતરોમાં રવિ પાક તૈયાર થવાની અણી પર છે અથવા તો લણણીની પ્રક્રિયા ચાલી રહી છે. કમોસમી વરસાદને કારણે ખાસ કરીને ઘઉં, ચણા, તુવેર, ધાણા અને જીરા જેવા પાયાના પાકોને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જો વરસાદનું જોર વધશે તો તૈયાર પાક પલળી જવાથી કાળો પડી શકે છે અથવા ખેતરમાં જ સડી જવાની શક્યતા રહેલી છે. મોંઘા ભાવના બિયારણ અને રાત-દિવસની મહેનત બાદ જ્યારે પાક હાથમાં આવવાનો સમય થયો છે, ત્યારે કુદરતી આફતે ખેડૂતોના મોંઢે આવેલો કોળિયો છીનવી લીધો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. માર્કેટિંગ યાર્ડમાં ખુલ્લામાં પડેલો ખેડૂતોનો માલ અને ખેતરોમાં કાપીને રાખેલો પાક બચાવવો અત્યારે મુશ્કેલ બની રહ્યો છે. પશુઓ માટેનો ઘાસચારો પણ પલળી જવાથી માલધારીઓની મુશ્કેલીમાં પણ વધારો થશે. વિસાવદર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ વાદળછાયું વાતાવરણ યથાવત છે અને વધુ વરસાદની સંભાવનાને પગલે ખેડૂતો ભગવાન પાસે આ આફત ટળે તેવી પ્રાર્થના કરી રહ્યા છે.



# આજથી હોળાષ્ટક, લગ્ન સહિતના શુભ પ્રસંગ નહીં થાય

**હોલિકા** દહન બાદ માર્ચ, એપ્રિલ, મે માસમાં ધૂમ લગ્ન યોજાશે

સુરતઃ હોળી હિન્દુ ધર્મનો એક મહત્વપૂર્ણ અને આનંદમય તહેવાર છે, જે વસંતઋતુના આગમન અને અધર્મ પર ધર્મની જીતનું પ્રતીક માનવામાં આવે છે. હોળી સાથે સંકળાયેલ હોલિકા દહન, ધૂળેટી તેમજ તેના પૂર્વનો હોળાષ્ટક સમયગાળો ધાર્મિક દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. હિન્દુ ધર્મમાં આ સમયગાળા દરમિયાન શુભ-માંગલિક કાર્ય કરવાનું ટાળવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે ગ્રહોની સ્થિતિ નકારાત્મક અસરકારક માનવામાં આવે છે. હોળાષ્ટક દરમિયાન લગ્ન, સગાઇ,ઘર પ્રવેશ (ગૃહપ્રવેશ),નામકરણ, મુંડન,હવન, યજ્ઞ,મોટા વ્યવસાય, નવી શરૂઆત, નવા ઘર-વાહન ખરીદી વગેરે વર્જિત ગણાય છે. હોળાષ્ટક પુર્ણ થતાં જ લગ્ન મુહૂર્ત, શુભ પ્રસંગોનો પ્રારંભ થશે.વર્ષ 2026 માં હોળી અને હોળાષ્ટકને ધ્યાનમાં રાખીને જોવામાં આવે તો, 4 માર્ચ પછીનો સમય લગ્ન માટે અત્યંત અનુકૂળ છે. ખાસ કરીને એપ્રિલ અને મે મહિનામાં અનેક શુભ મુહૂર્તો ઉપલબ્ધ હોવાથી લગ્ન આયોજન માટે આ સમયગાળો શ્રેષ્ઠ માનવામાં આવે છે. વર્ષ 2026 માં હોલિકા દહન 3 માર્ચ 2026 (મંગળવાર) ના રોજ યોજાશે. હોલિકા દહન પછી રંગોત્સવ એટલે કે ધૂળેટી 4 માર્ચ 2026 (બુધવાર) ના રોજ ઉજવાશે. હોલિકા દહન બાદ માર્ચ, એપ્રિલ, મે માસમાં ધૂમ લગ્ન સીઝન માટે પાર્ટી પ્લોટ,મેરેજ હોલ એડવાન્સમાં બુક થઇ ગયાં છે. હોળાષ્ટક પુર્ણ થાય તેની કાગડોળે રાહ જોતાં વેપારીઓને લગ્નસરાની ધુમ ખરીદીની આશા છે. લગ્નવિધિ માટે ગોર મહારાજની ડિમાન્ડ વધી જાય છે.

### હોળી પછી લગ્ન માટેની શુભ તારીખો

**સુરતઃ** હોળી બાદ માર્ચ મહિનામાં લગ્ન માટે નીચેની તારીખો શુભ માનવામાં આવે છે.

**માર્ચ 2026:** 8 માર્ચ 2026 - રવિવાર,9 માર્ચ 2026 - સોમવાર,11 માર્ચ 2026 - બુધવાર,12 માર્ચ 2026 - ગુરુવાર

**એપ્રિલ 2026:** એપ્રિલ મહિનો લગ્ન માટે ખાસ અનુકૂળ ગણાય છે. આ મહિનામાં ઘણી પરંપરાગત અને લોકપ્રિય તારીખો ઉપલબ્ધ છેઃ 15 એપ્રિલ 2026 - બુધવાર,20 એપ્રિલ 2026 - સોમવાર, 21 એપ્રિલ 2026 - મંગળવાર, **25 એપ્રિલ 2026:** શનિવાર,26 એપ્રિલ 2026 - રવિવાર, 27 એપ્રિલ 2026 - સોમવાર, 28 એપ્રિલ 2026 - મંગળવાર, 29 એપ્રિલ 2026 - બુધવાર

**મે 2026 :** તેમજ મે મહિનો પણ લગ્ન માટે ઉત્તમ સમય માનવામાં આવે છે. આ દરમિયાન નીચેની તારીખો શુભ છેઃ 5 મે 2026 - મંગળવાર, 7 મે 2026 - ગુરુવાર,9 મે 2026 - શનિવાર, 10 મે 2026 - રવિવાર

# કચ્છમાં દરિયાઈ સુરક્ષા વધુ મજબૂત બનાવવા સંયુક્ત પેટ્રોલિંગ

**કચ્છમાં** રાજયના પોલીસ વડાની ઉચ્ચસ્તરીય બેઠક

ગાંધીનગર : કચ્છની સંવેદનશીલ સરહદ પર સુરક્ષાનો કડક સંદેશ આપતા રાજયના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવની બે દિવસીય વ્યૂહાત્મક મુલાકાત સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. તા. ૨૧-૨૨ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલી આ મુલાકાતમાં સરહદી અને દરિયાઈ સુરક્ષા વધુ સઘન બનાવવા માટે ઉચ્ચસ્તરીય બેઠકો, સંયુક્ત પેટ્રોલિંગ અને મેદાની સમીક્ષાઓ હાથ ધરવામાં આવી હતી.

ભુજ ખાતે યોજાયેલી હાઈ-લેવલ ક્રાઈમ કોન્ફરન્સમાં સરહદી વિસ્તારમાં વધતા પડકારો, ડ્રગ્સની હેરાફેરી અને સંભવિત ઘૂસણખોરી અંગે ગંભીર સમીક્ષા કરવામાં આવી. ત્યારબાદ BSF, ભારતીય વાયુસેના, કોસ્ટ ગાર્ડ, IB અને NTRO સહિતની એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ, જેમાં ઇન્ટેલિજન્સ શેરિંગ મજબૂત કરવા અને આંતર-એજન્સી સંકલન વધુ અસરકારક બનાવવાનો દૃઢ નિર્ધાર વ્યક્ત થયો. NCORD હેઠળ ડ્રગ્સ વિરોધી કામગીરીને વધુ ગતિ આપવા ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.

કચ્છની મુલાકાત દરમિયાન ડો. રાવે નલિયા પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ તેને દત્તક લેવાની જાહેરાત કરી અને આધુનિક સુવિધાઓ માટે રૂપિયા ૫ લાખની ગ્રાન્ટ ફાળવવાની જાહેરાત કરી. પોલીસ જવાનો સાથે 'બડા ખાના' યોજી તેમનું મનોબળ વધાર્યું તેમજ સ્થાનિક નાગરિકો સાથે સીધી વાતચીત કરી સમસ્યાઓ જાણીને નિવારણ માટે આશ્વાસન આપ્યું હતું.જખૌ દરિયાકાંઠે ધ્વજવંદન કરીને સુરક્ષા જવાનોને અભિવાદન કર્યા બાદ ડો. રાવે કોસ્ટ ગાર્ડ અને BSFના જવાનો સાથે સંયુક્ત દરિયાઇ પેટ્રોલિંગ કર્યું. સુરક્ષા કવચની સજ્જતા અને ટેકનોલોજી આધારિત મોનિટરિંગની સમીક્ષા કરી. પિંગલેશ્વર આઉટપોસ્ટની મુલાકાત દરમિયાન દરિયાઇ પટ્ટીની સંવેદનશીલતા ધ્યાનમાં રાખી સતત એલર્ટ રહેવા અને ઝડપી પ્રતિસાદ તંત્ર સક્રિય રાખવા સૂચનાઓ આપવામાં આવી હતી.

કચ્છની ભૌગોલિક અને સુરક્ષાત્મક મહત્વને ધ્યાને લઇ ડો. રાવે જમીન અને દરિયાઇ બંને સરહદે ચુસ્ત દેખરેખ, ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ અને એજન્સીઓ વચ્ચે 'સીમલેસ' સંકલન પર ભાર મૂક્યો હતો. આ વ્યૂહાત્મક મુલાકાતથી કચ્છની સરહદી સુરક્ષા વ્યવસ્થામાં નવી ઉર્જા પ્રવેશી છે અને દેશવિરોધી પ્રવૃત્તિઓ સામે ગુજરાત પોલીસની સજ્જતા વધુ મજબૂત બની હોવાનું સ્પષ્ટ સંદેશ મળ્યો છે.

# કોંગ્રેસે 'વંદે માતરમ્'ના ટુકડા કરીને દેશના ભાગલાનું બીજ વાવ્યુંઃ હર્ષ સંઘવી

**'વંદે માતરમ્'ની** ૧૫૦મી વર્ષગાંઠે વિધાનસભામાં કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતાં ડે.સીએમ હર્ષ સંઘવી

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભામાં 'વંદે માતરમ્'ની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે લાવવામાં આવેલા સરકારી સંકલ્પ પર ચર્ચા દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસ પર આકરા શાબ્દિક પ્રહાર કરતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ૧૯૩૭માં મુસ્લિમ લીગના દબાણ હેઠળ કોંગ્રેસ અને નેહરુ દ્વારા 'વંદે માતરમ્'ના ટુકડા કરવામાં આવ્યા, જે દેશના ભાગલાનું પાયાનું કારણ બન્યું. ગીતની માત્ર પ્રથમ બે કડીઓ ગાવાનો ઠરાવ તુષ્ટિકરણની પરાકાષ્ઠા હતો અને તે સમયે મક્કમતા દાખવાઈ હોત તો કદાચ દેશને અખંડિત રાખી શકાય તેમ હતું. સંઘવીએ જણાવ્યું હતું કે 'વંદે માતરમ્' માત્ર બે શબ્દો નથી, પરંતુ ભારત માતાની ચરણવંદના કરવાની આરાધના છે. આ ગીતના નાદ સાથે ક્રાંતિવીરો ફાંસીના માંચડે ચડી ગયા, છતાં આજેય કેટલાક રાજકીય પક્ષો તેને લઈ વાંધો ઉઠાવે છે તે દુર્ભાગ્યપૂર્ણ છે.

તેમણે ગૃહમાં યાદ અપાવ્યું હતું કે વર્ષ ૧૯૯૨માં ભારતીય જનતા પાર્ટીના પ્રયાસોથી જ સંસદમાં 'વંદે માતરમ્'ના ગાનની પરંપરા શરૂ થઈ હતી, જે સાબિત કરે છે કે ભાજપ માટે રાષ્ટ્રભક્તિ રાજનીતિ નહીં પરંતુ સંસ્કાર છે. પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૦૭ નવેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલી ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણીને તેમણે દેશના સાંસ્કૃતિક જાગરણનો દસ્તાવેજ ગણાવ્યો હતો. નાયબ મુખ્યમંત્રીએ ગુજરાતના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરતા જણાવ્યું હતું કે નવસારીના પારસી પરિવારની દીકરી મેડમ ભીખાઈજી કામાએ ૧૯૦૭માં જર્મનીના સ્ટુટગાર્ટ ખાતે અંગ્રેજોની હાજરીમાં 'વંદે માતરમ્' અંકિત ધ્વજ લહેરાવી વિશ્વને ભારતની શક્તિનો પરિચય કરાવ્યો હતો. મહર્ષિ Aurobindo Ghoshએ વડોદરામાં રહી આ ગીતને ક્રાંતિનો મંત્ર બનાવ્યો હતો. કચ્છના ભુજોડી ખાતે નિર્મિત 'વંદે માતરમ્' સ્મારક આજે પણ સ્વાતંત્ર્ય સંઘર્ષની યાદોને જીવંત રાખે છે. પોતાના સરહદી પ્રવાસના અનુભવ વહેંચતા સંઘવીએ કહ્યું કે કચ્છની સરહદે જવાનો સાથે 'વંદે માતરમ્' ગવાતાં આખું આકાશ ગુંજી ઉઠે છે. તેમણે વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે જેને પોતાના રાષ્ટ્રનું ગૌરવ નથી, તે જીવતા હોવા છતાં મૃત સમાન છે.

# ભદ્રા કાળ અને ચંદ્રગ્રહણના પ્રભાવને કારણે હોળિકા દહન અને ધુળેટી વચ્ચે 24 કલાકનું અંતર

**સદી** બાદ બનતો દુર્લભ ખંગોળીય સંયોગ

**મંગળવારે** ગ્રહણ પૂર્ણ થયા બાદ 4 માર્ચે, બુધવારે ધૂળેટી ઉજવાશે

સુરતઃ વર્ષ 2026માં રંગોત્સવ હોળી અનોખા અને લગભગ સદી પછી બનતા દુર્લભ ખગોળીય સંયોગ સાથે ઉજવાશે. પંચાંગ અનુસાર આ વખતે 3 માર્ચને બદલે 4 માર્ચે ધૂળેટી ઉજવાશે. ભદ્રા કાળ અને પૂર્ણ ચંદ્રગ્રહણના સંયુક્ત પ્રભાવને કારણે હોળિકા દહન અને રંગ રમવાના દિવસે લગભગ 24 કલાકનું અંતર રહેશે. પરંપરા મુજબ પૂર્ણિમાની રાત્રે હોળિકા દહન અને બીજા દિવસે રંગોત્સવ ઉજવાય છે. પરંતુ 2 માર્ચ 2026, સોમવારની રાત્રે પૂર્ણિમા સાથે ભદ્રાનો પ્રારંભ થવાને કારણે દહન ભદ્રા પૂર્ણ થયા બાદ જ કરવામાં આવશે. ભદ્રા 3 માર્ચે રાત્રે 12:50 વાગ્યે પૂર્ણ થશે, ત્યારબાદ 12:50 થી 2:02 સુધીનો મુહૂર્ત હોળિકા દહન માટે શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. તા. 3 માર્ચ 2026, મંગળવારે પૂર્ણ ચંદ્રગ્રહણ રહેશે, જે ભારતભરમાં સ્પષ્ટ જોવા મળશે. ગ્રહણ બપોરે 3:19 થી સાંજે 6:47 સુધી રહેશે અને સુતક સમય અગાઉથી લાગુ પડશે. ધાર્મિક માન્યતા મુજબ ગ્રહણ અને સુતક દરમિયાન ઉત્સવ, ભોજન અને રંગ રમવું વરજિત ગણાય છે, તેથી 3 માર્ચે ધૂળેટી ઉજવાશે નહીં. ગ્રહણ પૂર્ણ થયા બાદ 4 માર્ચ 2026, બુધવારે ધૂળેટી ઉજવાશે.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૭ | | ૮ | | ૪ | |
| | | | | | | | ૩ | ૭ |
| ૩ | | ૪ | | ૫ | ૧ | ૮ | | ૬ |
| ૭ | | | ૯ | | | | ૬ | ૩ |
| ૮ | ૪ | | | | ૩ | | ૧ | ૯ |
| | ૨ | | ૧ | | ૬ | | ૫ | ૮ |
| | ૯ | | | | | | ૨ | ૪ |
| ૨ | ૩ | | ૬ | ૪ | | ૯ | | ૧ |
| ૪ | ૧ | | | | ૨ | | ૭ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**તાવ અને જ્વરબિંદુ ચૂર્ણ**

અતિવિષની કળી, સૂરોખાર અને ફૂલવેલ ફટકડી દરેક એક ભાગ અને સોનાગેરુ ચોથા ભાગે લઈ આશરે ત્રણ કલાક ખરલ કરવું. તેમાંથી એક ગ્રામ ચૂર્ણ મધ મા લેવાથી તાવ ઉતરે છે.

### શબ્દગુંફન - ૭૧૭૫

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. મળતાવડું (૫)
૪. ઝાંઝર, પાયલ (૩)
૬. નિકાસ, જાવરો (૩)
૮. ઝડપ, ચાલ (૨)
૯. ઘર, રહેઠાણ (૩)
૧૧. ઉપકાર (૨)
૧૨. પરાજય (૨)
૧૩. કેફ, ખુમારી (૨)
૧૪. ઘોડો (૨)
૧૬. વાચા, વાણી (૨)
૧૮. કપાળ, ભાલ (૩)
૨૦. પાણી પીવાની ઇચ્છા (૩)
૨૨. દાંત (૩)
૨૩. કાવ્યની રચના કરનાર (૨)
૨૪. અનુકરણ (૩)
૨૬. રડવા જેવું (૪)
૨૭. રસ્તો (૩)
૨૯. પરવાનગી (૨)
૩૦. આધમી, પુરુષ (૨)
૩૧. જનની, માતા (૧)
૩૨. નમેલું (૨)
૩૩. લોકમત (૪)

**ઊભી ચાવી**

૧. તિથિ, તારીખ (૨)
૨. રોકડું (૩)
૩. છુટ્ટી (૨)
૪. પ્રામાણિક (૨)
૫. માલિશ કરવું તે (૩)
૭. જંગલનું (૨)
૯. સરોવર (૨)
૧૦. મીઠું (૩)
૧૧. ઝાંઝર, નેપુર (૩)
૧૨. અવસ્થા, સ્થિતિ (૩)
૧૫. રસ્તો, રાહ (૨)
૧૬. મુકામ (૨)
૧૭. સીમા (૨)
૧૯. યોગ્યતા (૩)
૨૧. ચોળવું,ઘુંટવું (૪)
૨૨. સૂર્ય (૨)
૨૩. વ્યાયામ (૪)
૨૪. પર્વત (૨)
૨૫. આંટો,ફેરો (૩)
૨૮. આંખની કીકી (૩)
૩૦. નમેલું (૨)

### આજનું પંચાંગ

**તા. 24/02/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ આઠમ:28:53, દુર્ગાષ્ટમી
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણઃ 05
**નક્ષત્ર** :કૃતિકા : 15:08
**યોગ** : ઐન્દ્રે **કરણઃ** વિષ્ટિ
**રાશિઃ** વૃષભ (બ.વ.ઉ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:05 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:40
**નવકારસી :** 07:53
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 14મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળઃ** બપોરે : 15:30 થી 16:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઉઘરાણી આવી શકે છે. નવા રોકાણની તક મળે. સ્વપ્રયત્નથી નવી નોકરીની તક મળશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉપરી વર્ગ તથા વડીલોની મદદ મળે. અટકેલા કામમાં ગતિ આવે. સંતાનો અને સામાજિક કામમાં પ્રગતિ.

**મિથુન (ક,છ,ઘ,):** આધ્યાત્મિક પ્રવૃત્તિ ધર્મ, કર્મથી શાંતિ મળે. જીવનસાથીના આરોગ્યની સમસ્યા સતાવે.

**કર્ક (ડ,હ,):** પ્રેમ વિવાહની શકયતા વધે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા રોકાણથી લાભ થાય.

**સિંહ (મ,ટ,):** સંપત્તિના સોદા પાર પડશે. ધંધામાં નવી યોજના બને. નોકરીમાં પ્રમોશન મળી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ,):** પાર્ટી-પીકનીકનો આનંદ લઇ શકાય. વિદેશના કામમાં ગતિ આવે.ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ.

**તુલા (ર,ત,):** સંતાનોના વ્યવહાર પરેશાન કરે. કૌટુંબિક સમસ્યાનું સમાધાન થાય. નોકરી-ધંધામાં આવક વધે.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. સાથે કામ કરનાર અને પ્રિયજનોનો સાથ મળવાથી રાહત.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ખર્ચા વધશે. નોકરીમાં જવાબદારી વધે. હરીફોથી સાવધાન રહેવું. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો.

**મકર (ખ,જ,):** અટકેલાં નાણાં છૂટાં થાય. જૂના મિત્રોની મુલાકાત થાય. સરકારી કામમાં ગતિ આવે. સંતાન ચિંતા રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરી-ધંધા અને કુટુંબ-પરિવારનાં કામ અર્થે પ્રવાસ અનુકૂળ રહે. અચાનક ભાગ્યનો સાથ મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** કોઈના વિવાદમાં પડવું નહીં. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું.વ્યવહારમાં સભાન રહેવું.

### કોઈ પણ સાલમાં 24 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રગતિની સાથે નવા ફેરફારથી અનુકૂળતા અને જવાબદારી વધશે. નવા વેપાર-ધંધા વગેરેમાં ટેકનોલોજીનો લાભ મળે. આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવાં રોકાણ સરળ બને. નોકરી ધંધા વગેરેમાં હરીફોની હેરાનગતિ સતાવશે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન, વારસા, જાયદાદ જમીન જેવાં કામ વર્ષો દરમિયાન પાર પડતા રહેશે. યાત્રા પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ મે તથા સપ્ટેમ્બર નવેમ્બરમાં શુક્ર શનિવાર અને 6,15, 24 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. સફેદ અને ચમકદાર કલરનો ઉપયોગ કરતાં રહેવું. જુલાઈ-ઓગસ્ટમાં બુધવાર, 1,10,19, 28 તારીખ નવા કામમાં લેવાનું ટાળવું.ભૂરો અને ગ્રે રંગનો ઉપયોગ ટાળવો.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ગુજરાતની કમાન સચીન પાયલોટને સોંપાશે?

**કોંગ્રેસમાં** નવી રણનીતિનો સંકેત

**ગુજરાતમાં** કોંગ્રેસના માળખાને પુનર્જિવિત કરવા કવાયત

ગાંધીનગર : ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં કોંગ્રેસ સંગઠનમાં મોટા પાયે ફેરબદલની અટકળો તેજ બની છે. સૂત્રો મુજબ પાર્ટીનું કેન્દ્રીય નેતૃત્વ ગુજરાત પ્રદેશ કોંગ્રેસને મજબૂત બનાવવા માટે રાજસ્થાનના પૂર્વ ઉપમુખ્યમંત્રી સચીન પાયલોટ પર દાવ રમી શકે છે. ગુજરાત કોંગ્રેસમાં આંતરીક ચર્ચા છે કે વર્તમાન પ્રભારી મુકુલ વાસનિકને બદલી સચીન પાયલોટને ગુજરાતની કમાન સોંપવાનો વિકલ્પ ગંભીરતાથી હાઈકમાન્ડની વિચારણા હેઠળ છે.

દિલ્હીમાં તાજેતરમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને મલ્લીકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ગુજરાત કોંગ્રેસને પુનર્જીવિત કરવા સંગઠનમાં નવેસરથી ફોરફાર કરવાની જરૂરિયાત પર ભાર મુકાયો હતો. બેઠકમાં કે.સી. વેણુગોપાલ, અમિત ચાવડા, તુષાર ચૌધરી, શક્તિસિંહ ગોહિલ, સિદ્ધાર્થ પટેલ , ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર અને પરેશ ધાનાણી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા.

કોંગ્રેસના વર્તુળોમાં ચર્ચા એવી પણ છે કે રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલૌતને રાજ્યસભા મોકલવાની સંભાવના વચ્ચે ગુજરાતના પ્રભારી પદમાં બદલાવ શક્ય છે. અગાઉ પણ ગહલૌત તથા તેમના નજીકના રઘુ શર્મા ગુજરાતના પ્રભારી રહી ચૂક્યા છે. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપને ૯૯ બેઠકો પર રોકી હતી ત્યારે ગહલૌત જ પ્રભારી હતા.

હાલ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડા, વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે તુષાર ચૌધરી અને પ્રભારી તરીકે મુકુલ વાસનિક કાર્યરત છે. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતાં કેન્દ્રીય નેતૃત્વ સંગઠનમાં સક્રિય અને મેદાનમાં કાર્યરત નેતાઓને જ આગળ રાખવાની દિશામાં વિચાર કરી રહ્યું છે. જિલ્લા અને શહેર પ્રમુખોને ઉમેદવારી ફાળવણીની સંપૂર્ણ જવાબદારી સોંપવા તથા જિલ્લાવાર પ્રભારી નિમણૂક કરવાની યોજના પણ ચર્ચામાં છે.

પાયલોટના નામની ચર્ચા એવા સમયે સામે આવી છે જ્યારે મતદાતા યાદીની વિશેષ સુધારણા પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ શરૂ થવાનો છે. આ ચૂંટણીને વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટેની કસોટી માનવામાં આવી રહી છે. ચર્ચા એવી પણ છે કે પ્રિયંકા ગાંધી ટૂંક સમયમાં ગુજરાતની મુલાકાત લઈ શકે છે.

## રાજ્યમાં સરકારી મેડિકલ કોલેજમાં વાર્ષિક ફી ૨૫ હજાર

ગાંધીનગર : રાજ્યમાં MBBS અભ્યાસક્રમ માટે સરકારી મેડિકલ કોલેજોમાં વાર્ષિક ફી રૂ. ૨૫,૦૦૦ નક્કી કરવામાં આવેલી છે. જ્યારે ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ગવર્નમેન્ટ ક્વોટા માટે રૂ. ૩.૭૫ લાખ, મેનેજમેન્ટ ક્વોટા માટે રૂ. ૧૨ લાખ અને NRI ક્વોટા માટે ૨૫,૦૦૦ અમેરિકન ડોલર અથવા સમકક્ષ ભારતીય ચલણ વાર્ષિક ફી નક્કી છે. વિધાનસભામાં પ્રશ્નના લેખિત જવાબમાં તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારી તેમજ ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીમાં કોઈ વધારો કે ઘટાડો કરવામાં આવ્યો નથી. ફી નક્કી કરવાની પ્રક્રિયા ગુજરાત પ્રોફેશનલ મેડિકલ એજ્યુકેશન કોલેજીઝ ઓર ઇન્સ્ટિટ્યુશન્સ (રેગ્યુલેશન ઓફ એડમિશન એન્ડ ફી ફિક્સેશન) એક્ટ-૨૦૦૭ની જોગવાઈ મુજબ ફી રેગ્યુલેશન કમિટી દ્વારા દર ત્રણ વર્ષે નક્કી કરવામાં આવે છે.

# આગામી ૧૦ વર્ષમાં ૨ લાખથી વધુ સરકારી ભરતી માટે આયોજનઃ હર્ષ સંઘવી

**૧૨૬૮** ભરતી મેળાઓ મારફતે ૭૨,૧૨૮ યુવાનોને રોજગારી અપાઇ

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના આરંભે રાજ્યપાલના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવ દરમિયાન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સરકારની ઉપલબ્ધિઓનો ચિતાર રજૂ કરતાં વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે રાજ્યપાલનું અભિભાષણ માત્ર ઔપચારિકતા નહીં પરંતુ ગુજરાતના ભૂતકાળનો પ્રતિસાદ અને ભવિષ્યનો માર્ગદર્શક દસ્તાવેજ છે. તેમણે કહ્યું હતું કે ૨૦મી સદીમાં રાજ્ય કરફ્યુ, કોમી રમખાણો અને ટેન્કર રાજથી ઓળખાતું હતું, જ્યારે ૨૦૦૧ પછી રાજ્યમાં કાયમી શાંતિ અને વિકાસનો યુગ શરૂ થયો છે. આજે કરફ્યુ શબ્દ ઈતિહાસ બની ગયો છે અને રાજ્યમાં સુરક્ષા તથા સમૃદ્ધિનો માહોલ છે. ગરીબ કલ્યાણની યોજનાઓનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે ૭૫ લાખ પરિવારોના ૩.૧૮ કરોડ નાગરિકોને મફત અનાજ મળી રહ્યું છે, જ્યારે ૨.૭૨ કરોડ લોકોને ૧૦ લાખ સુધીની મફત સારવારનું સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. આવાસ યોજનામાં ૧૦ લાખથી વધુ ઘરો આપવામાં આવ્યા છે અને વધુ ૩.૧૫ લાખ આવાસોનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.

યુવા અને રોજગાર ક્ષેત્રે ગુજરાતે ૧,૦૦,૧૩૫ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ એકમોનું પ્રમાણન કરીને નવો વિક્રમ સર્જ્યો છે. આગામી ૧૦ વર્ષમાં ૨ લાખથી વધુ સરકારી ભરતી માટે આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે ૧૨૬૮ ભરતી મેળાઓ મારફતે ૭૨,૧૨૮ યુવાનોને રોજગારી અપાઈ છે. ખેડૂતો માટે 'નર્મદા રાજ'ની વાત કરતા તેમણે જણાવ્યું હતું કે ૬૦ લાખ ખેડૂતોને સહાય મળી રહી છે અને તાજેતરની કુદરતી આફતમાં ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનું રાહત પેકેજ આપવામાં આવ્યું છે. અંતમાં તેમણે કહ્યું કે સરકાર વિકાસની રાજનીતિમાં માને છે અને 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે ગુજરાતની વિકાસયાત્રા અવિરત ચાલુ રહેશે.